## એલસીબીનું વધુ એક સફળ ઓપરેશન

# પેથાપુરનો 'બ્લફ માસ્ટર' આખરે પકડાયો

**અખબારોની જાહેરાતોમાંથી ફોન નંબર મેળવી બે ભાઈઓ શિકાર શોધતા : કરોડપતીની ઓળખ આપીને મોટી ડીલ કરવાના બહાને ગાંધીનગરમાં પાર્ટીને બોલાવતા અને 'ઈન્કમટેક્ષની ટીમો મારી પાછળ છે, તેમને ઓળખવા કોર્ડવર્ડ રાખવો પડશે' તેમ કહી પાંચ-દસ હજારનો ચુનો લગાવી બ્લફ માસ્ટર રફુચક્કર થઈ જતા હતા : એલસીબીએ ટ્રેપ ગોઠવી ગુનાના ભેદ ઉકેલ્યા**

ગાંધીનગર, તા. ૧૦

અખબારોમાં છપાતી જાહેરાતો વાંચીને તેમાં દર્શાવેલા મોબાઈલ નંબર પરથી શિકાર શોધી છેતરપીંડી આચરતા પેથાપુરનો 'બ્લફ માસ્ટર'ને ગાંધીનગર એલસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને દબોચી લીધો છે. બે ભાઈઓ પૈકી એક શખ્સ પકડાઈ ગયો છે જ્યારે બીજો ફરાર છે. કરોડપતીની ઓળખ આપીને મોટી ડીલ કરવાના બહાને પાર્ટીને ગાંધીનગર ખાતે બોલાવી 'ઈન્કમટેક્ષની ટીમો મારી પાછળ છે, તમને ઓળખવા કોર્ડવર્ડ રાખવો પડશે' તેમ કહી સીગારેટના પેકેટમાં પાંચ-દસ હજાર રૂપિયા મુકી કોઈ ચોક્કસ જગ્યાએ મુકવાનું કહેતા હતા. ત્યાર બાદ તે રૂપિયા ઉપાડીને પાર્ટીઓને ચુનો લગાવી રફુચક્કર થઈ જતા હતા. ગાંધીનગરમાં પાંચ ગુનાઓ આ બંને ભાઈઓએ આચર્યા હોવાનુ બહાર આવ્યું છે. પકડાયેલા શખ્સના બે દિવસના રિમાન્ડ મળતા વધુ પુછપરછ શરૂ કરવામાં આવી છે.



અમદાવાદ મોટેરા વિસ્તારમાં રહેતા હર્ષિલ શાહે પોતાનો બંગલો વેચવાનો હોવાની જાહેરાત અખબારોમાં આપી હતી. એક નંબર પરથી અરવિંદ પટેલના નામથી હર્ષિલ શાહ પર ફોન આવ્યો અને કહ્યું કે તે કરોડપતી છે. ઈન્કમટેક્ષની ભીંસ વધુ છે. તમારો બંગલો ૫૦ લાખમાં ખરીદવો છે. જેના ટોકન માટે તમે ગાંધીનગર આવી જાવો. હર્ષિલ શાહના એક મિત્ર ઉરેશભાઈ દલાલ એક વાર આવી જ રીતે છેતરપીંડીનો ભોગ બન્યા હતા. એટલે હર્ષિલભાઈએ મિત્ર ઉરેશભાઈને કોલ અંગે વાત કરી. ફોન કરનાર ચીટર હોવાનું માનીને હર્ષિલ શાહે આ સમગ્ર પ્રકરણ અંગે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવને જાણ કરી હતી. એસ.પી.ની સુચનાથી એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીતના માર્ગદર્શન મુજબ પીએસઆઈ કૃણાલ પટેલ અને કે.જે. રાઠોડની ટીમે ટ્રેપ ગોઠવી હતી. બ્લફ માસ્ટરે પહેલા ફોન કરીને ઘ-૩ સર્કલ બોલાવ્યા ત્યાર બાદ ઘ-૭ સર્કલે બોલાવીને કહ્યું કે 'હું તમને ઓળખી શકુ તે માટે તમે ગોલ્ડ ફ્લેક સિગારેટનું ખાલી પાકીટ લઈ તેમાં રૂ. ૨ હજારની નોટ મુકી પેથાપુર રોડ પર આવેલી વૉટર વર્કસની દિવાલ પાસે મુકી દો..! બ્લફ માસ્ટરે કહ્યુ તેમ હર્ષિલ શાહે કર્યુ પરંતુ તેની સાથે એલસીબીની ટીમ ટ્રેપમાં હતી. આ રૂ. ૨ હજારની નોટ મુકેલુ પાકીટ લેવા પેથાપુરનો ભગીરથ જયવીરસિંહ સોલંકી નામનો શખ્સ સ્પ્લેન્ડર બાઈક લઈને આવ્યો અને તેને એલસીબીની ટીમે દબોચી લીધો હતો. પુછપરછ કરતાં તેના ભાઈ શિવદાન જયવિરસિંહ સોલંકી (ઉ.વ. ૨૩)ના કહેવાથી રૂપિયા લેવા આવ્યો હોવાનું ખુલ્યુ હતુ. અલગ અલગ નામો ધારણ કરી આ બંને બ્લફ માસ્ટર ભાઈઓએ આવા પાંચ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી લીધી છે. ફરાર શીવદાનને પકડવા દોડધામ ચાલી રહી છે. જ્યારે ભગીરથ બે દિવસના રિમાન્ડ પર છે.

### બ્લફ માસ્ટરે ક્યાં-ક્યાં કેવી રીતે ચીટીંગ કર્યું..?

પકડાયેલા ભગીરથે તેના ભાઈ સાથે મળીને ઓક્ટોબર-૨૦૧૬માં ફોન પર 'હું યુકો બેટરી કે હ્યુન્ડાઈનો ડીસ્ટ્રીબ્યુટર છુ.' તેમ કહી ગાંધીનગરમાં ડીલર બનાવવાના બહાને એક વ્યક્તિને ગાંધીનગર બોલાવી એક હજારની ચાર નોટો પર અલગ અલગ કોડ લખાવી આ નોટો સિવિલ હોસ્પિટલના ગેટ પાછળ બોર્ડ નીચે મુકી દેવા જણાવીને રૂ. ૪ હજારનું ચીટીંગ કર્યુ હતુ. તે ઉપરાંત કાનના મશીનનો વ્યવસાય કરતાં એક વેપારીને ફોન કરીને 'મારે દર્દીઓને કાનના ૨૫૦ મશીન ધરડા ઘરમાં આપવા છે મારી બીએમડબલ્યુ કાર તમને સિવિલ હોસ્પિટલથી લઈ જશે. તમે ત્યાં આવો તે પહેલા તમારી ઓળખ આપવા રૂ. ૨-૨ હજારની ૪ નોટોના નંબર આ ફોનમાં જણાવી બીઆરસી ભવનના બોર્ડ ઉપર મુકી દેજો.' તેમ કહી રૂ. ૮ હજારનો ચુનો લગાવ્યો હતો.

તે ઉપરાંત દિપક પટેલની ઓળખ આપી પોતે એકલેશ્વરમાં મોટી ફેક્ટરી ધરાવે છે તેમ કહી એક બંગલો વેચાણની જાહેરાત આપનાર પાર્ટીને ફોન કરી તેને શિકાર બનાવ્યો હતો. 'મારા ઉપર ઈન્કમટેક્ષની રેડ પડવાની શક્યતા છે તેથી તમે મળવા તમે આવો અને રૂ. ૫૦ હજાર બાના પેટે લઈ જાવો. મને તમારો બંગલો ગમ્યો છે, તમે મળવા આવો ત્યારે કોડવર્ડ આપીશ. તેમ કહી રૂ. ૨ હજારની ૪ નોટોના નંબર લખાવી ગોલ્ફ ફ્લેક સીગારેટના પાકીટમાં મુકી સિવિલ હોસ્પિટલ પાછળના ભાગે થાંભલા નીચે રૂ. ૮ હજાર મુકાવી ચીટીંગ કર્યુ હતુ.

તાજેતરમાં ૧૮ માર્ચે જીગ્નેશ પરીખે હીટાચી કંપનીના એસીની જાહેરાત અખબારમાં આપી હતી. તેને ફોન કરીને 'અમારી કંપનીના ૧૦ રૂમો માટે એસી ખરીદવા છે સિવિલ હોસ્પિટલ આવો એટલે મારો માણસ તમને મારી ઓફીસ લાવશે તેમ કહી જીગ્નેશ પરીખને સિવિલ હોલાવ્યો હતો. ત્યાર બાદ સિવિલ પહોંચીને જીગ્નેશ પરીખે ફોન કર્યો તો કહ્યું કે 'હાલમાં ઈન્કમટેક્ષની રેડો પડતી હોવાથી તમે પોતે જ છો તે માટે સિગારેટના બોક્ષમાં બે હજારની ચાર નોટ મુકો અને તેમાં પેન્સીલથી હુ જે કોડ આપુ તે લખી નાંખો અને બોક્સ પેથાપુર ચાર રસ્તા પાસે મુકીને તમે આગળ જતા રહો...! તેમ કહી રૂ. ૮ હજારની છેતરપીંડી આચરી હોવાનું ખુલ્યુ છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**લો સાહેબ... મીઠાઈ... બે વર્ષ ઓછી નોકરી કરીશું... પણ તમને સહન કરવાનાં બે વર્ષ ઓછા થયાને...?!**

## આવતીકાલે વોર્ડ નં. ૭ અને ૮નો સેવાસેતુ સે. ૩ એસ.એસ.વી. કેમ્પસ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨-૫-૧૭ના રોજ શુક્રવાર સમય સવારે ૯ કલાકેથી સાંજના ૫ કલાક સુધી એસ.એસ.વી. કેમ્પસ, સેક્ટર-૩ ગાંધીનગર ખાતે 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭ અને ૮નાં નાગરિકો પોતાના વ્યક્તિગત પ્રશ્નોની રજૂઆત કરી શકશે.

ગાંધીનગર મહાનગર પાલિકાનાં વોર્ડ નં. ૭ અને ૮નાં તમામ નાગરીકોને આ 'સેવાસેતુ' કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ છે. તેમાં કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી. આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે તેમજ આયુર્વેદિક કેમ્પનું પણ આયોજન કરેલ છે.

આધારકાર્ડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે, કાર્યક્રમ સ્થળે નાગરિકોને આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થશે.

બેંકો દ્વારા ઈ-પેમેન્ટ, ડીઝીટલ લોકર, જનધન ખાતા ખોલવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવનાર છે જેની તમામ નાગરિકો અને વેપારીવર્ગને લાભ લેવા અપીલ છે.




**ગાંધી ફુટબોલ ટૂર્નામેન્ટનો રંગારંગ પ્રારંભ**

દેશભરમાં ક્રિકેટનો ફિવર છવાયો છે પરંતુ ગાંધીનગરમાં હવે ફુટબૉલનો ક્રેઝ ફેલાશે. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ કેપિટલ ક્રિએટીવ કલબ, પાટનગર ફ્રેન્ડસ કલબ, મેરા ભારત મહાન ફેન કલબ, યુથ સર્કલ, સ્પોર્ટસ ઈવેન્ટ અને સિધ્ધિ વિનાયક ફ્રેન્ડ કલબ દ્વારા સંયુકતપણે આયોજિત ગાંધી ફુટબોલ કલબનો સે-૩-ન્યુમાં ઘ-૧ સર્કલ નજીકના ટર્ફ ગ્રાઉન્ડ પર ભવ્ય શુભારંભ કરાયો હતો. આ ટૂર્નામેન્ટમાં ૬૦ જેટલી ટીમો ભાગ લઈ રહી છે. ઉદઘાટન સમારંભ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં શહેરના યુવા વર્ગને ખાસ કરીને બાળકોને વેકેશન દરમિયાન ટીવી, મોબાઈલ સ્કીન સામેથી ઉભા કરી મેદાનમાં લાવી સાચા સ્પોર્ટસ સાથે સ્વાસ્થ્યનો મહિમા સમજાવવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. અગાઉ આ ટૂર્નામેન્ટના ક્વૉલિફાઈંગ રાઉન્ડસને પણ બાળકો દ્વારા ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી ચુકયો છે એટલે આ ટૂર્નામેન્ટ ગાંધીનગરના બાળકો માટે આ વખતના ઉનાળુ વેકેશનનું નવીન નજરાણું બની રહેશે તેમાં બે મત નથી.

## ગાંધીનગર શહેરને વર્ષ ૨૦૨૨ પહેલા મેલેરિયા મુક્ત કરવામાં આવશે

સમગ્ર ભારત દેશને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત ૨૦૩૦માં મેલેરિયા મુક્ત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગે ગુજરાતને ૨૦૨૨ પહેલા મેલેરિયા મુક્ત કરવાનુ નક્કી કરેલ છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવા વાહકજન્ય રોગચાળા માટે મુખ્યત્વે મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો જવાબદાર છે. શહેરમાં મચ્છર ઉત્પતિ કેન્દ્રો ખાસ કરીને ઘરમાં એર કૂલર, ફ્રીજની ટ્રે, પક્ષી કુંજ તથા ઢોરના પાણી પીવાના હોજ, કૂંડા, નકામો ભંગાર માલ સામાન, ટાયર કે અન્ય ચીજવસ્તુઓ જેમાં પાણી ભરાઈ રહે તેમાં થતા હોય છે.

ગાંધીનગરમાં સ્લમ અને અન્ય વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો જુદા જુદા છે. જેમ કે સ્કૂલમાં મુખ્યત્વે ગઢી, ટાંકી, ટાયર જ્યારે નોન સ્લમમાં કુંડા, પક્ષી કુંજો, એર કૂલર તથા ફ્રીજ જેવા સાધનો છે. મેલેરિયા નાબુદી માટે તમામ નગરજનોનો સહયોગ ખૂબ જ અગત્યનો બની રહે છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા પક્ષીકુંજોનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ તેની યોગ્ય જાળવણી ન થાય તો વાહક જન્ય રોગચાળા ઉદ્દ્ગમનું કારણ બની રહે છે. જે તમામ સેવાભાવિ સંસ્થાઓએ લોકોને જણાવાવની તાતી જરૂર છે.

સરકારશ્રી દ્વારા મેલેરિયા નાબૂદી માટે ઉપરાંત ૧૦૪ હેલ્પલાઈન જેવી યોજના પણ અમલમાં મુકી છે. શહેરમાં જોખમી વિસ્તારો શોધવા પ્રાઈવેટ ડૉક્ટરો દ્વારા પણ દર્દીની જાણકારી આપવામાં આવે અને તેની ઝડપી અને પૂરેપૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.



અન્ન આયોગનું ઉદ્ઘાટન : ગાંધીનગર ખાતે નવરચિત અન્ન આયોગનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો.

## રાજ્યના અછત અસરગ્રસ્ત વિસ્તારોમાં ૧,૬૭,૯૬૮ કિલોગ્રામ ઘાસ વિતરીત કરાયું

**અછત અંગેની રાજ્ય સરકારની પેટા સમિતિની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં અછત અસરગ્રસ્ત વિસ્તારોની કરાયેલી સમીક્ષા**

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં અછત અને અસરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરવા માટે આજે ગાંધીનગર ખાતે મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં અછત અંગેની રાજ્ય સરકારની પેટા સમિતિની યોજાયેલી બેઠકમાં રાજ્યમાં પીવાના પાણી, ઘાસચારા વગેરે અંગેની પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ૩ મે ના રોજ યોજાયેલ અછત અંગેની સમિતિની બેઠક બાદ રાહતદરે ઘાસચારો પુરો પાડવા માટેના ગયા અઠવાડિયાના ગામોમાં હમણા કોઈ વધારો થયેલ નથી. તે મુજબ આજે સિંચાઈ રાજ્ય મંત્રી નાનુભાઈ વાનાણી તથા સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓની યોજાયેલી બેઠકમાં ગયા અઠવાડિયે લેવાયેલ નિર્ણય મુજબ રાજ્યના ૬૮૪ ગામોને રાહતદરે ઘાસ પુરૂ પાડવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

રાજ્યના અછતગ્રસ્ત જાહેર કરાયેલ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના અનુક્રમે વીંછીયા અને ચોટીલા તાલુકાના ૧૮ ગામો તથા રાહતદરે ઘાસ વિતરણ માટે બોટાદ અને સુરેન્દ્રનગર, રાજકોટ જિલ્લાના અન્ય ૧૮૪ ગામો ઉપરાંત અગાઉ જાહેર થયેલ કચ્છ જિલ્લાના ૩૪૭ ગામો એમ કરીને અગાઉ ૫૪૯ ગામોને રાહતદરે ઘાસચારો પુરો પડાતો હતો. તેમાં ખાસ કિસ્સામાં લેવાયેલ નિર્ણય અનુસાર કચ્છ જિલ્લાના લખપત તાલુકાના વધુ ૮૬ ગામ, નખત્રાણા તાલુકાના ૩૨ ગામ સાથે ઉપરોક્ત બે તાલુકાના કુલ ૧૧૮ ગામ અને સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના વધારાના ૧૭ ગામો સાથે કુલ ૧૩૫ સાથે રાજ્યના કુલ ૬૮૪ ગામો માટે રાહતદરે ઘાસ ફાળવવામાં આવશે. અત્યાર સુધીમાં કુલ ૯૩૮૧ ઘાસકાર્ડ ઈસ્યુ થયેલ છે. વિતરીત થયેલ ઘાસનો કુલ જથ્થો ૧,૬૭,૯૬૮ કિલોગ્રામ જેટલો છે. આ બેઠકમાં પીવાના પાણીની વ્યવસ્થા અંગે પણ સમીક્ષા કરાઈ હતી તે અંતર્ગત રાજ્યના ૧૨ જિલ્લાઓ કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પાટણ, મોરબી અને બનાસકાંઠાના મળી કુલ ૪૫ તાલુકાઓના ૧૫૭ ગામ તથા ૬૯ પરાઓમાં ૧૮૦ ટેન્કર મારફતે દૈનિક ૭૭૫ ફેરાથી સંબંધિત ગામોને પીવાના પાણીનો પુરવઠો પુરો પડાઈ રહ્યો છે.

રાજ્યમાં સરદાર સરોવર સહિત કુલ ૨૦૪ જળાશયો આવેલા છે તે પૈકી ૫૬ જળાશયો પીવાના પાણી માટે આરક્ષિત છે. રાજ્યમાં ૨૦૪ જળાશયોમાં હાલ ૧૦,૪૯૭ મિલીયન ક્યુબીક મિટર પાણીનો સંગ્રહ થયેલ છે જે ગત વર્ષે આજ સમયે સંગ્રહિત જથ્થા ૮૦૭૫ મિલીયન ક્યુબીક મિટરની તુલનાએ ૧૨,૪૨૨ મિલીયન ક્યુબીક મિટર જેટલુ વધારે છે. આ પાણી સંગ્રહ ગતવર્ષના જળાશયોની જળસંગ્રહના સંદર્ભમાં આશરે ૧૧ ટકા જેટલો વધારે છે.

રાજ્યના ૩૩ જિલ્લાઓની ૩૬૦૭ ગ્રામ પંચાયતોના મનરેગા યોજના હેઠળ ૧૩૭૦૮ કામ ચાલુ છે અને આ કામ દ્વારા ૨,૮૮,૮૩૭ શ્રમિકોને રોજગારી પુરી પાડવામાં આવી રહી છે.

## ધણપ પાસે કારચાલકે ૧૯ ઘેટાં કચડી માર્યા

ગાંધીનગર, તા.૧૦

નેશનલ હાઈવે નં. ૮ પર ચિલોડા-હિંમતનગર હાઈવે પર ધણપ ગામના પાટીયા પાસેથી બેફામ ગતિએ નીકળેલી એકસયુવી કારના ચાલકથી વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર આડુ આવેલું એક ઘેટું બચાવવા જતા મુંબઈના એન્જીનીયર કાર ચાલકે સ્ટીયરીંગ ફેરવી નાંખ્યું અને જયાં સ્ટીયરીંગ ફેરવ્યું ત્યાં ઘેટાંઓનું ઝુંડ હતું. એક ઘેટું બચાવવા જતા ૧૯ ઘેટા ઉપર ટાયર ફેરવી દેતા ૧૯ ઘેટાંના મોત થયા હતા જયારે ૯ ઘેટાં ઘાયલ થયા હતા. બિનસત્તાવાર માહિતી મુજબ પશુચાલકે સવા લાખ રૂપિયામાં સમાધાન કરી લેતા આ ઘટના મામલે પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી.

મળતી માહિતી મુજબ મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી એક એન્જીનીયર પોતાની મહીન્દ્ર એકસયુવી કાર નં. એમ.એચ. ૦૩ બી.ઈ. ૬૯૭૪ લઈને નેશનલ હાઈવે નં. ૮ પરથી હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. સવારના અરસામાં ચિલોડા-હિંમતનગર હાઈવે પર તેમની કાર પહોંચી ત્યારે ધણપ પાટીયા પાસે એક ઘેટું રસ્તામાં વચ્ચે આવતા તેને બચાવવા સ્ટીયરીંગ ફેરવી નાંખ્યું હતું. એન્જીનીયરે સ્ટીયરીંગ જયાં ફેરવ્યું ત્યાં ઘેટાં-બકરાનું ઝુંડ હતું. એક ઘેટું બચી ગયું પરંતુ તેની સામે ૧૯ ઘેટાંઓ કચડાઈ ગયા હતા. તે ઉપરાંત ૯ ઘેટાં બકરા ઘાયલ તથા તેની સારવાર માટે તાત્કાલિક પશુ તબીબને બોલાવી લેવાયા હતા. કાર ચાલક એન્જીનીયર ઉભા રહી ગયા તેટલામાં રાજસ્થાનથી ધણપ આવેલા પશુપાલક આવી પહોંચ્યા હતા. થોડો સમય બાદ ઘેટાંના મોતના ભાવ બોલાવવાનું શરુ થયું. ચિલોડા પોલિસ પણ સ્થળ પર પહોંચી હતી. કાર ચાલક એન્જીનીયર પાસેથી સવા લાખ રૂપિયા લઈ પશુપાલકે સમાધાન કર્યું હોવાનું બિનસત્તાવાર સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.



INDEXTb

**નિવિદા**

ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરોની ગાંધીનગર કચેરીના ઉપયોગ સારૂ લેટરહેડ અને વિઝીટીંગ કાર્ડના પ્રિન્ટીંગ કામ માટે રસ ધરાવતા સ્થાનિક અમદાવાદ - ગાંધીનગર સ્થિત પ્રિન્ટર્સ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ નીચેના સરનામે કચેરી સમય દરમિયાન (રજાના દિવસો સિવાય) તા. ૧૧/૫/૨૦૧૭ થી તા. ૨૦/૫/૨૦૧૭ સુધી સાંજના ૪.૦૦ કલાક સુધી રૂબરૂ મેળવાથી ઉપલબ્ધ થઈ શકશે અને ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૨૬/૫/૨૦૧૭ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધી જમા કરાવવાના રહેશે.

**વહીવટી વિભાગ**
**ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો**
બ્લોક નં. ૧૭, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ઘ-૪,
ગાંધીનગર-૩૮૨૦૧૭ (ગુજરાત) ● ફોન નં. : ૨૩૨-૫૦૪૯૨-૫૦૪૯૩